# ફાટેલી ચાદર

– મધુસૂદનલાલ

પંડિતજી જેટલા મોટા હતા તેટલા જ નાના હતા – સાવ બાળક જેવા. તેમણે કદી પોતાને વૃદ્ધ માન્યા નથી, અને એ હતા પણ નહીં. મરતાં સુધી, મને તો કોઈ એવો પ્રસંગ યાદ નથી જેમાં તેમણે પોતાનો થોડો અમથો બોજ પણ બીજાને માથે નાખવાનો પ્રયત્ન કર્યો હોય. એ તો ભારતના વડાપ્રધાન હતા. જરા અમથો ઈશારો કરતાં મોટા મોટા માણસો એમના પગમાં ઝૂકી જાય. પણ તમને વિશ્વાસ નહીં બેસે – એમણે  કદી ઘંટડી વગાડીને કોઈ નોકરને બોલાવ્યો નથી. કોઈ વસ્તુની જરૂર હોય તો ઊઠીને બારણા સુધી જતા ને જે કોઈ દેખાય તેને કહેતા : ‘‘ભાઈ, જરા અંદર આવજે.’’ અને ઓફિસમાં કામ પૂરું થાય પછી ઊઠતા ત્યારે કોઈ કામ નોકરોને માટે બાકી ન રાખતા. બત્તી, પંખો, હીટર જાતે જ બંધ કરતા. અરે, બારણાં **સુધ્ધાં** જાતે બંધ કરીને નીકળતા.



મેં મારી આંખે જોયું છે કે બેઠાબેઠા કામ કરીને થાકી જાય ત્યારે ખુરશી પર એક પગ રાખીને કામ કરતા. પછી ઊભા થઈ જતા. થાકી જવાથી કે તબિયત ઠીક ન હોવાથી તેમણે કદી કામ અધૂરું છોડયું નથી.

લોકોને એમ થતું હશે કે ભારતના વડાપ્રધાન આરામ અને દબદબાથી રહેતા હશે. પણ ઘણુંખરું તો એ એક ભગવો ઝભ્ભો ને પાયજામો પહેરતા. એક જૂની ચાદર હતી, ઘણી જગ્યાએથી ફાટેલી; સવારે ફરતી વખતે કે છાપું વાંચતી વેળા તે જ ઓઢતા. એક દિવસ ચાદર બહુ મેલી જોઈ હરિને કહ્યું, ''આ ધોવડાવી નાખજે.'' બપોરે ધોબી આવ્યો. ચાદર લઈ જવાની જ એણે ના પાડી, બોલ્યો, ''આ તો સાવ જરી ગઈ છે, પાણીમાં જ રહી જશે.''

બીજે દિવસે પંડિતજીને આ વાતની ખબર પડી, ત્યારે જાતે ચાદર ધોઈ વરંડામાં દોરી બાંધીને સૂકવી. છેક સુધી એમની પાસે એ જ ફાટેલી ચાદર મેં જોઈ હતી.

(અર્ધી સદીની વાંચનયાત્રામાંથી સાભાર)

■